# નમૂનો- ૧

અગ્રતા ક્રમ : **૨૧**

વિભાગ:- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન :- ***૧૫/૪/૧૪૪૧**

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભામાં જવાબ આપવાની તારીખ : **૨૦.૦૨.૨૦૨૪ (બીજી બેઠક)**

પ્રશ્નનું શિર્ષક:- ભાવનગર જિલ્લામાં ગામ તળ નીમ કરવાની દરખાસ્ત.

પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર:-

શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા)

# અનુક્રમણિકા


| ક્રમ નં | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| મૂળ પ્રશ્ન | ભાવનગર જિલ્લામાં ગામ તળ નીમ કરવાની દરખાસ્ત. | |
| જવાબ | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ/સરકારશ્રીની નીતિ | પેટા પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ |
| ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જીલ્લામાં ગામતળ નીમ કરવાની કુલ કેટલી દરખાસ્તો મળી? | શ્રી શિવાભાઇ ગોહિલ (મહુવા) |
| ૨ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા અને ક્યાં તાલુકામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો મળી છે? | શ્રી શિવાભાઇ ગોહિલ (મહુવા) |
| ૩ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ક્યાં ગામોમાં ગામતળ નીમ કરવામાં આવેલ છે? | શ્રી ગૌતમભાઇ ચૌહાણ (તળાજા) |
| ૪ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત ગામ ધરાવતાં તાલુકાઓમાં તાલુકાવાર કેટલું ક્ષેત્રફળ ગામતળ તરીકે નીમ કર્યું છે ? | શ્રી ગૌતમભાઇ ચૌહાણ (તળાજા) |
| ૫ | ગામતળ નીમ કરવાની જોગવાઇઓ અને સક્ષમ અધિકારીઓની પ્રવર્તમાન સત્તા મર્યાદા કેટલી છે? | |
| ૬ | ગૌચર સદરની જમીન ગામતળ સદરે નીમ કરવાની સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ શું છે? ગૌચર સદરની જમીન ગામતળ સદરે નીમ કરવાની સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ શું છે? | |
| ૭ | ઉક્ત દરખાસ્તો પૈકી દફતરે કરવામાં આવેલ દરખાસ્ત ક્યાં કારણોસર કરવામાં આવી? | |

# ભાવનગર જિલ્લામાં ગામ તળ નીમ કરવાની દરખાસ્ત.

<u>તારાંકિત પ્રશ્ન</u> | <u>ક્રમાંકઃ પ્ર/</u>

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/1441

વિષયઃ

ભાવનગર જીલ્લામાં ગામ તળ નીમ કરવાની દરખાસ્ત

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 16/01/2024 | 14/02/2024 | 01/02/2024 |

*15/4/1441 શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલુ ગામતળ નીમ કરવામાં આવેલ છે?

----

મુખ્ય પેજ પર જાઓ

## વિભાગે કરેલ જવાબ

**ભાવનગર જિલ્લામાં ગામ તળ નીમ કરવાની દરખાસ્ત.**

***15/4/1441 : શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા) :**

**માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે-:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને | (૧) | કુલ- ૧૨ |
| (૨) | મંજુર કરેલ દરખાસ્તો પૈકી કેટલું ગામતળ નીમ કરવામાં આવેલ છે. | (૨) | કુલ હે.૨૩-૫૯-૧૭ ચો.મી. (બે લાખ પાંત્રીસ હજાર નવસો સત્તર) ચોરસ મીટર |

મુખ્ય પેજ પર જાઓ

## હાર્દ: સરકારશ્રીની નીતિ

- તા.૩૧.૧૨.૨૦૨૨ ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તોની વિગતો નીચે મુજબ છે.

| મળેલી દરખાસ્તો | મંજુર દરખાસ્તો | દફતરે કરેલ દરખાસ્તો | પેન્ડીંગ દરખાસ્તો |
|---|---|---|---|
| ૨૩ | ૧૨ | ૭ | ૪ |

- ગ્રામ્ય વિસ્તારમાં ઘરવિહોણા કુટુંબોને રહેણાંકના હેતુસર જમીન ફાળવવાની જોગવાઈ અમલી છે. ગામતળની જમીનમાંથી સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત રહેણાંક હેતુમાટે/ મફતગાળાના પ્લોટની ફાળવણી થયા બાદ જુનું ગામતળ ઉપલબ્ધ ન હોય, ત્યારે નવું ગામતળ નીમ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ માટે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ની કલમ ૩૮ હેઠળ જોગવાઈઓ નિયત કરવામાં આવેલ છે.
- ગામતળ નીમ કરવા અર્થે મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ-૩૮ અન્વયે સત્તાઓ જીલ્લા કલેક્ટરશ્રીઓને એનાયત થયેલ છે. વહીવટી કાર્યદક્ષતા ખાતર કલેક્ટરશ્રી આ સત્તા પ્રાંત અધિકારીશ્રીને તબદીલ કરી શકે છે. ક્ષેત્રફળ સંબંધિત સત્તા મર્યાદા અંગે કોઈ સ્પષ્ટતા થયેલ નથી.
- ગામતળ વધારવા અંગેની દરખાસ્તો તાલુકા વિકાસ અધિકારી દ્ધારા જિલ્લા કલેક્ટરશ્રીને કરવામાં આવે છે.
- મામલતદારે ગ્રામ પંચાયત મારફત ગામે કેટલા લોકોને ઘરથાળની જરૂરીયાત છે અને ગામતળ કેટલું ઉપલબ્ધ છે તથા વધારાના ગામતળ માટે કેટલી જમીન જોઈએ છે તે મામલતદારે નક્કી કરવું.
- ગામતળ નીમ કરવા માટે નીચે પ્રમાણે જમીન પસંદ કરવામાં આવે છે.

(૧) સરકારી કે પંચાયત હસ્તકની જમીન

(૨) ગામલોકો અંદરોઅંદર ચર્ચા વિચારણા કરીને ખાનગી જમીન ખરીદીને

(૩) સંપાદન કાયદા હેઠળ ખાનગી જમીન સંપાદન કરીને

- આવી દરખાસ્તો મળ્યા પછી તેની ચકાસણી કરીને કલેક્ટરશ્રી દ્ધારા જમીન ગામતળ તરીકે નીમ કર્યા બાદ પંચાયતને સોંપવાની હોય છે.

- ગામતળ નીમ કરવા માટે જ્યારે ગૌચર સદરની જમીન પસંદ કરવામાં આવે ત્યારે મહેસૂલ વિભાગની ગૌચર નીતિના તા.૩૦/૦૬/૨૦૧૮ ઠરાવની જોગવાઈઓ મુજબ ગામતળ નીમ કરવા તથા અનિવાર્ય સંજોગોમાં જાહેર હિત માટે ગૌચર જમીનનો ઉપયોગ કરવાનો થાય ત્યારે ગૌચરના ધોરણો જળવાય તે હેતુસર ગામે અન્ય સરકારી પડતર જમીન ગૌચર સદરે નીમ કરવાની જોગવાઈઓ અમલી છે. આવા કિસ્સાઓમાં જમીનની કિંમત તેમજ ૩૦% જંત્રી કિંમત વસૂલ કરવાની રહેશે નહી.
- ગામતળની દફતરે કરેલ અરજીઓ તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા પૂર્તતા ન થવાના કારણે, માગણીવાળી જમીનમાં તળાવ આવેલ હોવાના કરણે, અગાઉ નીમ કરેલ ગામતળના પ્લોટોનો નિકાલ કરેલ ન હોવાથી, માગણીવાળી જમીનનું અનામત જંગલવાળી જમીન સાથે ઓવરલેપીંગ થતું હોવાથી, ગ્રામ પંચાયતની અરજી અન્વયે તથા ગ્રામજનોનો વિરોધ હોવાથી દફતરે કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૨૧

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૪૪૧

## ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

## પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શિવાભાઇ ગોહિલ (મહુવા)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જીલ્લામાં ગામતળ નીમ કરવાની કુલ કેટલી દરખાસ્તો મળી? |
| જવાબ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જીલ્લામાં ગામતળ નીમ કરવાની કુલ- ૨૩ (ત્રેવીસ) દરખાસ્તો મળી. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૨૧

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૪૪૧

## ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

## પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શિવાભાઇ ગોહિલ (મહુવા)

| | |
|---|---|
| **પેટા પ્રશ્ન ૨** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા અને ક્યાં તાલુકામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો મળી છે? |
| **જવાબ** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૮ તાલુકામાં કુલ-૨૩ દરખાસ્તો મળેલ છે. જે પૈકી ૧૨ ગામતળ નીમ થયેલ છે. તેમજ તાલુકા વાઇઝ ગામતળ નીમ કરવાની દરખાસ્તોની વિગતો નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકો | મળેલ દરખાસ્તો |
|---|---|---|
| ૧ | ભાવનગર ગ્રામ્ય | ૪ |
| ૨ | મહુવા | ૩ |
| ૩ | પાલીતાણા | ૩ |
| ૪ | ગારીયાધાર | ૧ |
| ૫ | તળાજા | ૧ |
| ૬ | શિહોર | ૬ |
| ૭ | વલ્લભીપુર | ૩ |
| ૮ | ઉમરાળા | ૨ |
| | કુલ..... | ૨૩ (ત્રેવીસ) |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૨૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૪૪૧

ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શ્રી ગૌતમભાઇ ચૌહાણ (તળાજા)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન 3 | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ક્યાં ગામોમાં ગામતળ નીમ કરવામાં આવેલ છે? |
| જવાબ | ભાવનગર જિલ્લાના નીચે મુજબના ગામોમાં ગામતળ નીમ કરવામાં આવેલ છે. |

| ક્રમ | ગામનું નામ |
|---|---|
| ૧ | સવાઇનગર, તા.ભાવનગર |
| ૨ | કાનાતળાવ, તા.ભાવનગર |
| ૩ | ગણેશગઢ, તા.ભાવનગર |
| ૪ | પીથલપુર, તા.ભાવનગર |
| ૫ | ભાણવડ, તા.મહુવા |
| ૬ | દેદરડા, તા.પાલીતાણા |
| ૭ | નાના સુરકા, તા.શિહોર |
| ૮ | સરવેડી, તા.શિહોર |
| ૯ | જાંબાળા, તા.શિહોર |
| ૧૦ | પીપળીયા, તા.શિહોર |
| ૧૧ | ઘોળાવીશી, તા.ઉમરાળા |
| ૧૨ | પાટણા, તા.વલ્લભીપુર |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૨૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૪૪૧

ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

પેટા પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી શ્રી ગૌતમભાઇ ચૌહાણ (તળાજા)

| | |
|---|---|
| પેટા પ્રશ્ન ૪ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત ગામ ધરાવતાં તાલુકાઓમાં તાલુકાવાર કેટલું ક્ષેત્રફળ ગામતળ તરીકે નીમ કર્યું છે ? |
| જવાબ | ભાવનગર જિલ્લાના નીચે મુજબના તાલુકાઓમાં ગામતળ નીમ કરવામાં આવેલ છે. |

| ક્રમ | તાલુકો | ગામતળ તરીકે નીમ થયેલ જમીન (હેક્ટરમાં) |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૦-૪૪-૭૦ |
| ૨ | મહુવા | ૦-૩૩-૩૮ |
| ૩ | પાલીતાણા | ૦-૪૦-૪૭ |
| ૪ | શિહોર | ૫-૧૭-૦૦ |
| ૫ | ઉમરાળા | ૪-૦૦-૦૦ |
| ૬ | વલ્લભીપુર | ૩-૨૩-૬૨ |
| | કુલ.... | ૨૩-૫૯-૧૭ (બે લાખ પાંત્રીસ હજાર નવસો સત્તર) ચોરસ મીટર |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૨૧

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૪૪૧

## ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

| | |
|---|---|
| પ્રશ્ન ૫ | ગામતળ નીમ કરવાની જોગવાઇઓ અને સક્ષમ અધિકારીઓની પ્રવર્તમાન સત્તા મર્યાદા કેટલી છે? |
| જવાબ | • ગામતળ નીમ કરવા અર્થે મુંબઇ જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ-૩૮ અન્વયે સત્તાઓ જીલ્લા કલેક્ટરશ્રીઓને એનાયત થયેલ છે. વહીવટી કાર્યદક્ષતા ખાતર કલેક્ટરશ્રી આ સત્તા પ્રાંત અધિકારીશ્રીને તબદીલ કરી શકે છે. ક્ષેત્રફળ સંબંધિત સત્તા મર્યાદા અંગે કોઇ સ્પષ્ટતા થયેલ નથી.<br>• ગામતળ વધારવા અંગેની દરખાસ્તો તાલુકા વિકાસ અધિકારી દ્વારા જિલ્લા કલેક્ટરને કરવામાં આવે છે.<br>• આવી દરખાસ્તો મળ્યા પછી તેની ચકાસણી કરીને કલેક્ટરશ્રી દ્વારા જમીન ગામતળ તરીકે નીમ કર્યા બાદ પંચાયતને સોંપવાની હોય છે.<br>• ગૌચરની જમીન ગામતળ તરીકે નીમ કરવા બાબતે સરકારશ્રીની પૂર્વ મંજૂરી આવશ્યક છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૨૧

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૪૪૧

## ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

| | |
|---|---|
| પ્રશ્ન ૬ | ગૌચર સદરની જમીન ગામતળ સદરે નીમ કરવાની સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ શું છે? ગૌચર સદરની જમીન ગામતળ સદરે નીમ કરવાની સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇઓ શું છે? |
| જવાબ | મહેસૂલ વિભાગના તા.30/0૬/૨૦૧૮ ઠરાવની જોગવાઇઓ મુજબ ગામતળ નીમ કરવા તથા અનિવાર્ય સંજોગોમાં જાહેર હિત માટે ગૌચર જમીનનો ઉપયોગ કરવાનો થાય ત્યારે ગૌચરના ધોરણો જળવાય તે હેતુસર અન્ય સરકારી પડતર જમીન ગૌચર સદરે નીમ કરવાની જોગવાઇઓ અમલી છે. આવા કિસ્સાઓમાં જમીનની કિંમત તેમજ 30% જંત્રી કિંમત વસૂલ કરવાની રહેશે નહી. |

મુખ્ય પેજ પર જાઓ

અગ્રતા ક્રમ : ૨૧

વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૧૪૪૧

ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

| | |
|---|---|
| પ્રશ્ન ૭ | ઉક્ત દરખાસ્તો પૈકી દફતરે કરવામાં આવેલ દરખાસ્ત ક્યાં કારણોસર કરવામાં આવી? |
| જવાબ | ઉક્ત કુલ-૨૩ દરખાસ્તો પૈકી કુલ-૭ દરખાસ્તો દફતરે કરવામાં આવેલ છે તથા કુલ-૪ દરખાસ્તો પેન્ડીંગ છે.<br>**દફતરે**<br>(૧) મોજે.નશીતપુર, તા.વલ્લભીપુરની દરખાસ્ત અંગેની પૂર્તતા તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા કરેલ ન હોઇ દફતરે કરવામાં આવેલ છે.<br>(૨) મોજે.દરેડ, તા.વલ્લભીપુરની દરખાસ્ત અંગે સવાલવાળી જમીનમાં તળાવ આવેલ હોય, અલગથી દરખાસ્ત રજુ કરવા જણાવતાં પૂર્તતા થયેલ ન હોય દફતરે કરવામાં આવેલ છે<br>(3) મોજે.માનવડ, તા.પાલીતાણાની દરખાસ્ત અંગે જમીનનો ઉપયોગ વનીકરણ હેતુ માટે કરવા તાલુકા વિકાસ અધિકારીશ્રીએ રજુઆત કરતાં દફતરે કરવામાં આવેલ છે.<br>(૪) મોજે.માંડવી, તા.ગારીયાધારની દરખાસ્ત અંગે અગાઉ નીમ કરેલ ગામતળના કોઇ પ્લોટનો નિકાલ કરવામાં આવેલ ન હોય, ગામતળ નીમની નવી તા.૦૭/૦૬/૨૦૨૨ ની દરખાસ્ત દફતરે કરવામાં આવેલ છે.<br>(૫) મોજે.પાણીયાળી, તા.તળાજાની દરખાસ્ત અંગે જમીન અનામત જંગલ જાહેર કરેલ હોય, જમીનનું ઓવરલેપીંગ થતુ હોય દફતરે કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| | (૬) મોજે.વડલી, તા.મહુવાની દરખાસ્ત અંગે માંગણી કરેલ જમીનનો ગ્રામજનોનો વિરોધ હોય દફતરે કરવામાં આવેલ છે.<br>(૭) મોજે.ગળથર, તા.મહુવાની દરખાસ્ત અંગે ગ્રામ પંચાયતની અરજીના આધારે દફતરે કરવામાં આવેલ છે.<br>**પેન્ડીંગ**<br>(૧) મોજે.સણોસરા, તા.શિહોરની દરખાસ્ત પેન્ડીંગ છે.<br>(૨) મોજે.બેકડી, તા.શિહોરની દરખાસ્ત પેન્ડીંગ છે.<br>(૩) મોજે.ધારૂકા, તા.ઉમરાળાની દરખાસ્ત પેન્ડીંગ છે.<br>(૪) મોજે.મોટી રાજસ્થળી, તા.પાલીતાણાની દરખાસ્ત પેન્ડીંગ છે. |

મુખ્ય પેજ પર જાઓ